# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)


**પરિપત્ર નંબર :– ૯૨ /૨૦૧૭**

**વિષય :– નવા અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટેની પ્રોસેસ ફી અંગે.**

આથી આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના તમામ આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, તા.૦૪/૦૩/૨૦૧૭ ના રોજ મળેલ બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગ એન્ડ રીચર્સ (**BUTR**) ની સભાના ઠરાવ નં.૭ અને ૮ થી નવા અનુસ્નાતક કેન્દ્રની પ્રોસેસ ફી રૂા.૨,૦૦૦/– ( અંકે રૂપિયા બે હજાર પૂરા) તથા નવા અનુસ્નાતક કેન્દ્રના વિષય દીઠ ફી રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) નિયત કરવાની બાબતને કારોબારી સભાની તા.૧૬/૦૩/૨૦૧૭ ની મળેલ સભાએ ઠરાવ નં.૪ થી મંજૂરી આપેલ છે. તેથી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮ થી નવા અનુસ્નાતક કેન્દ્ર માટેની પ્રોસેસ ફી રૂા.૨,૦૦૦/– ( અંકે રૂપિયા બે હજાર પૂરા) અને નવા અનુસ્નાતક કેન્દ્રના વિષય દીઠ રૂા.૧૦,૦૦૦/– ( અંકે રૂપિયા દસ હજાર પૂરા ) મુજબની ફી નિયત કરવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે, અનુસ્નાતક કેન્દ્રની વહીવટી કામગીરી આચાર્યશ્રી અને પી.જી. ના ઈન્ચાર્જની સહીથી અલગ બચત ખાતુ રાષ્ટ્રીય કૃત બેંકમાં ખોલાવવાનું રહેશે તેમજ પી.જી. સેન્ટરની આવક કોઈપણ સંજોગોમાં ટ્રસ્ટને ટ્રાન્સફર કરી શકાશે નહી. અને સદર રકમ કોલેજ અને વિદ્યાર્થીના વિકાસ માટે વાપરવાની રહેશે, વળી નવા અનુસ્નાતક કેન્દ્રની અરજી જે શૈક્ષણિક વર્ષમાં કેન્દ્ર ચાલુ કરવું હોય તેના એક વર્ષ પહેલા અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની અરજી કરવાની રહેશે. દા.ત. શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯ માટે નવું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટેની અરજી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં નિયત ફી સાથે કરવાની રહેશે. ત્યારબાદ એક માસ સુધી એટલે કે ૩૦ મી એપ્રિલ–૨૦૧૭ સુધી વિષય દીઠ રૂા.૫૦૦૦/– ( અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) લેઈટ ફી સાથે જમા કરાવવાની રહેશે.

(ર્ડા. ડી.એમ.પટેલ)
કા.કુલસચિવ

નં.એકે/અનુ/કેન્દ્ર/૨૫૫૦ /૨૦૧૭
તા.૧૨/૦૪/૨૦૧૭

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ
જાણ સારૂ તથા અમલ કરવા સારૂ.

**નકલ રવાના :–**

(૧) સીસ્ટમ એનાલીસ્ટશ્રી,
કોમ્પ્યુટર સેન્ટર વેબસાઈટ પર મૂકવા સારૂ.

(૨) મુખ્ય હિસાબી અધિકારીશ્રી/ મહેકમ અધિકારીશ્રી,